# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-01-2026** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્વિત્ઝર્લૅન્ડના વિશ્વ આર્થિક મંચમાં વૈશ્વિક કંપનીઓના અગ્રણીઓ સાથે મુલાકાત કરી
2) અમદાવાદના સાણંદમાં દેશનો પહેલો સંકલિત ખાનગી સેટેલાઈટ પ્લાન્ટ બનશે – વિજ્ઞાન અને ટૅક્નોલૉજી મંત્રીના હસ્તે ખાતમુહૂર્ત કરાયું
3) રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં અમદાવાદમાં GTUનો 15-મો પદવીદાન સમારોહ યોજાયો.
4) રાજ્યમાં આગામી 24 કલાક બાદ ઠંડી વધવાની આગાહી
5) સોમનાથમાં યોજાયેલી રાષ્ટ્રીય હૅન્ડબૉલ સ્પર્ધામાં ગુજરાતની ટીમ સેમિ-ફાઈનલમાં પહોંચી.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# HARSH SANGHAVI WEF

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસમાં વિશ્વ આર્થિક મંચ – W.E.F.માં વિવિધ અગ્રણીઓ સાથે મુલાકાત કરી. આ અંગે સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે જણાવ્યું કે , જાપાનના સુમિતોમો સમુહના અધ્યક્ષ તાકાયુકી સુમિતા સાથેની મુલાકાતમાં ગુજરાતના ઝડપથી વિકસતા સ્વચ્છ ઉર્જા અને ઔદ્યોગિક માળખાકીય સુવિધામાં સુમિતોમોના પ્રવાહી કુદરતી ગેસ – LNG રોકાણ માટેની તક અંગે ચર્ચા કરી. આ અંગે સાંભળી એક અહેવાલ.

(VOICECAST: HEMANGINI SONARA)

(....W.E.F.માં ગાંધીનગરના ગિફ્ટ સિટી પ્રતિનિધિમંડળે વૈશ્વિક ઉદ્યોગ નેતાઓ , ઉદ્યોગસાહસિકો સાથે શ્રેણીબદ્ધ બેઠક કરી. આ અંગે માહિતી આપતી શ્રી સંઘવીએ કહ્યું , આ સંવાદથી લાંબાગાળાના સહકાર, નવા રોકાણ અને મજબૂત વૈશ્વિક ભાગીદારી માટેના માર્ગ ખુલ્યા છે. શ્રી સંઘવીએ હિટાચી ઍનર્જીના મુખ્ય કાર્યકારી અધિકારી ઍન્ડ્રેસ શિરેનબેક સાથેના સંવાદમાં ગુજરાતમાં કંપનીના આગમનને વિસ્તૃત કરવાના માર્ગ અંગે ચર્ચા કરી. તેમણે ભારતની સેમિકન્ડક્ટર સફર અંગે તાતા ઇલેક્ટ્રૉનિક્સના મુખ્ય કાર્યકારી અધિકારી અને વહીવટી સંચાલક ડૉક્ટર રણધીર ઠાકુર સાથે અમદાવાદના ધોલેરા ખાતે દેશની પ્રથમ સેમિકન્ડક્ટર ફૅબના નિર્માણ અંગે ચર્ચા કરી હતી.

જ્યારે ગુજરાત માટે 24 કલાક સાતે-સાત દિવસ સ્વચ્છ ઉર્જા ઉકેલને આગળ વધારવા અંગે EDFના અધ્યક્ષ બર્નાર્ડ ફૉન્ટા સાથે પણ તેમણે ચર્ચા કરી. ઉપરાંત શ્રી સંઘવીએ ક્વૉન્ટમ ઇનોવેશનથી લઈ ફ્યૂચર-રેડી ડેટા સૅન્ટર્સ સુધીના આગામી પેઢીના સહયોગને શોધવા ઍન-વિડિયાનાં ઍલિકા ક્યોસેવા સાથે મુલાકાત કરી.

હેમાંગિની સોનારા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

. . . . . . . . . . . . .

# SANAND SPACE FACTORY

અમદાવાદમાં સાણંદના ખોરજ ખાતે દેશનો પહેલો સંકલિત ખાનગી સૅટેલાઈટ પ્લાન્ટ  સ્થપાશે. વિજ્ઞાન અને ટૅક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ અઝિસ્ટા સ્પેસની ઇલેક્ટ્રો-ઑપ્ટિકલ પૅલોડ ફૅક્ટરીનું આજે ખાતમુહૂર્ત કર્યું.

આ પ્રસંગે તેમણે કહ્યું, ડૉક્ટર વિક્રમ સારાભાઈના વારસાને આગળ ધપાવતા ગુજરાત હવે અવકાશ ટેક્નોલૉજીનું નવું કેન્દ્ર બની રહ્યું છે. અઝિસ્ટા સ્પૅસ દ્વારા તૈયાર થનારો આ પ્લાન્ટ આત્મનિર્ભર ભારતના સંકલ્પને નવી ઊંચાઈએ લઈ જશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

શ્રી મોઢવાડિયાએ ગુજરાતને અવકાશ ટૅકનોલૉજી અને ઉચ્ચ ટૅક્નોલૉજીયુક્ત ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર બનાવવાની નેમ પણ વ્યક્ત કરી. આ કારખાનામાં તૈયાર થયેલો સંપૂર્ણ સ્વદેશી સેટેલાઈટ ટૂંક સમયમાં અવકાશમાં જશે અને વિશ્વના અવકાશ ઇતિહાસમાં ગુજરાતનું નામ રોશન કરશે તેમ પણ તેમણે ઉંમેર્યું.

. . . . . .

# GTU - CONVOCATION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને ટેક્નિકલ પ્રગતિ સાથે નૈતિકતા , ઈમાનદારી અને કરુણા જેવાં જીવનમૂલ્યો અપનાવવા પર ભાર મૂક્યો હતો. અમદાવાદમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી GTUના પંદરમા પદવીદાન સમારોહને સંબોધતા કુલાધિપતિ અને રાજ્યપાલશ્રીએ આ વાત કહી. તેમણે યુવાનોને પોતાની શક્તિઓનો દેશના ઉત્થાન માટે ઉપયોગ કરવા આહ્વાન કર્યું.

(બાઇટ – રાજ્યપાલ આચાર્ય દેવવ્રત)

આ પ્રસંગે GTUની વિવિધ વિદ્યાશાખાના 36 હજાર 935 વિદ્યાર્થીઓને પદવી, 70 વિદ્યાર્થીઓને પીએચ.ડી તથા 147 વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરાયાં.

. . . . . . . . .

# STATE REPUBLIC DAY

વાવ-થરાદ જિલ્લામાં 77-મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાશે. તે અંગે જિલ્લા કલેક્ટર જે. એસ. પ્રજાપતિએ પત્રકાર પરિષદ ને સંબોધતા કહ્યું, 26 જાન્યુઆરીએ સવારે નવ વાગ્યે રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરાશે. ત્યારબાદ પોલીસ વિભાગ અને વહીવટીતંત્ર દ્વારા વિવિધ પરેડ અને કાર્યક્રમ યોજાશે.

શ્રી પ્રજાપતિએ કહ્યું, 25 તારીખે સવારે મુખ્યમંત્રીનું આગમન થશે. તે દિવસે સેવાસદનનું ભૂમિપૂજન , ગૌમાતા સર્કલનું અનાવરણ , દૂધવા G.I.D.C.નું ભૂમિપૂજન, નારી સશક્તિકરણ કાર્યક્રમ , ગૌભક્તો સાથે મુખ્યમંત્રીનો સંવાદ અને ગાયત્રી મંદિરમાં શસ્ત્ર પ્રદર્શન જેવા કાર્યક્રમ યોજાશે.

25 તારીખે રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં થરાદના મલુપુર ખાતે એટ હોમ કાર્યક્રમ સાથે સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરાયું હોવાનું કલેક્ટરે જણાવ્યું.

. . . . . . .

# C R PATIL - SURAT

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે સુરતના કતારગામમાં રત્નમાલા જંક્શન અને ગજેરા જંક્શનને જોડતા એક તરફના બે માર્ગીય ફ્લાય ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યું.

આ ચાર માર્ગીય ફ્લાયઓવર બ્રિજના કાંસાનગરથી અમરોલી તરફ જતા એક તરફના બે માર્ગીય બ્રિજને લોકો માટે ખુલ્લો મુકાયો છે આ બ્રિજથી વાહનચાલકોની સુવિધામાં વધારો થશે તેમ શ્રી પાટીલે જણાવ્યું.

(બાઇટ - કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ)

. . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..........

# RIVABA JADEJA VADODARA

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાની અધ્યક્ષતામાં વડોદરામાં જિલ્લા શિક્ષણા-ધિકારીની કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ. તેમાં મંત્રીશ્રીએ જિલ્લામાં માધ્યમિક શાળાઓની સંખ્યા વધારવા અને શાળા છોડયાનો પ્રમાણદર શૂન્ય કરવા અધિકારીઓને તાકીદ કરી. તેમણે શિક્ષણની ગુણવત્તામાં કોઈ સમાધાન ચલાવી નહીં લેવાય તેમ પણ કહ્યું હતું.

ઉપરાંત મંત્રીશ્રીએ જિલ્લા શિક્ષણ તંત્રના અધિકારીઓ સાથે યોજી શિક્ષણલક્ષી કામગીરીનું સર્વગ્રાહી મૂલ્યાંકન કર્યું હતું. તેમણે PARAKH એટલે કે, સર્વાંગી વિકાસ માટે જ્ઞાનનું પ્રદર્શન મૂલ્યાંકન , સમીક્ષા અને વિશ્લેષણ અહેવાલ તથા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી તેમને માર્ગદર્શન આપ્યું.

. . . . . . . . .

# NID FOREIGN STUDENTS

અમદાવાદની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન – N.I.D.માં આંતર-રાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે અલગથી એક વિભાગ શરૂ કરાશે. વિદેશના વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા માટે N.I.D દ્વારા કરાયેલી આ પહેલ અંતર્ગત લેટિન અમેરિકા , આફ્રિકા અને એશિયાના ઓછી આવક ધરાવતા દેશના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શિષ્યવૃત્તિ મળશે. વિશ્વભરમાં ભારતીય ડિઝાઇન વિચારધારાને પ્રોત્સાહન આપવાના હેતુસર આ વિભાગ શરૂ કરાશે તેમ N.I.D.ના ચેરમેન એજ્યુકેશન વિજયસિંહ કટીયારે જણાવ્યું.

(BYTE : VIJAI SINGH KATIYAR)

. . .

# STATE WEATHER FORECAST

રાજ્યમાં આગામી ચોવીસ કલાક બાદ ઠંડી વધવાની આગાહી છે. હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ. કે. દાસે જણાવ્યું કે , આજે કચ્છ, બનાસકાંઠા અને પાટણમાં કમોસમી વરસાદનું માવઠું પડવાની શક્યતા છે. દરમિયાન આગામી બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના અપાઈ છે.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

. . .

# SOMNATH SCHOOL GAMES

સોમનાથમાં યોજાયેલી ઓગણસિત્તેર-મી શાળા રમતગમત રાષ્ટ્રીય હૅન્ડબૉલ સ્પર્ધામાં રાજ્યની 17 વર્ષથી ઓછી વયની ટીમ ભવ્ય પ્રદર્શન કર્યું. ગુજરાતની ટીમે ક્વાર્ટર ફાઈનલમાં રાજસ્થાનની ટીમને 21 —10થી હરાવી સેમિ-ફાઈનલમાં પહોંચી છે. હવે ગુજરાતની ટીમ ઉત્તરપ્રદેશ સામે રમશે.

અગાઉ ગુજરાતની ટીમે ઉત્તરાખંડની ટીમ સામે 36-2થી દિલ્હીની ટીમ સામે 29-11 અને કેરળની ટીમ સામે 28 —15થી જીત મેળવી હતી. પ્રિ-ક્વાર્ટર મૅચમાં પણ ગુજરાતની ટીમ વિદ્યા ભારતી ટીમ સામે 25-2થી જીતી હતી.

. . . . . .

# REV WPL CRICKET VADODARA

મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ક્રિકેટમાં આજે યુપી વૉરિયર્ઝ અને ગુજરાત જાયન્ટ્સની ટીમ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટૅડિયમમાં હમણાં સાડા સાત વાગ્યે વાગ્યે આ 14-મી મૅચ શરૂ થશે.

મૅગ લૅનિંગની આગેવાની હેઠળની યુપી વૉરિયર્ઝની ટીમે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

. . . . . . .

# ROAD SAFETY MONTH - MORBI

રાજ્યના કેટલાંક જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા. મોરબી જિલ્લામાં ટ્રાફિક નિયમોની અમલવારી અને અકસ્માતમાં ઘટાડો લાવવા ટ્રાફિક શાખાની ટીમ દ્વારા મોરબી-વાંકાનેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનચાલકોને હેલમેટનું વિતરણ કરાયું. આ અંગે જિલ્લા પોલીસ વડા મુકેશ પટેલે વધુ માહિતી આપી.

(બાઈટ મુકેશ પટેલ, જિલ્લા પોલીસ વડા મોરબી)

મહીસાગરના લુણાવાડામાં ARTO કચેરી ખાતે તાલીમ કાર્યશાળા અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો. તેમાં વિવિધ શાળાઓના વાહનચાલકોને સુરક્ષિત વાહન હંકારવા અને બાળકોની સલામતી અંગે વિશેષ તાલીમ અપાઈ હતી.

. . . . . . . .